# પ્રૂફ રીડર

પ્રૂફ રીડર સંપૂર્ણ લખાણ, પછી ભલે તે પુસ્તક હોય કે દસ્તાવેજ તેનું વાચન કરી અને તે ભૂલ-મુક્ત છે તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. આમાં વ્યાકરણ, શૈલીયુક્ત ભૂલો, વાક્યરચના, જોડણી તેમજ તેના સ્વરૂપ-પ્રસ્તુતિને ચકાસવાનો સમાવેશ થઈ શકે છે. કોઈપણ સામગ્રી પ્રકાશિત થાય તે પહેલાં પ્રૂફરીડિંગ એ સમીક્ષા પ્રક્રિયાનો અંતિમ તબક્કો છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો
- તમે સ્વતંત્ર રીતે કામ કરી શકો છો
- તમને વસ્તુઓ વ્યવસ્થિત રાખવાનું ગમે છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૪,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઇ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી/પત્રકારિત્વ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

અંગ્રેજી/પત્રકારિત્વ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રૂફ રીડરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૨,૦૦૦ થી ૧,૬૬,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Proofreader/Salary?loggedIn

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમાચાર પત્રો, મેગેઝીન, પબ્લિશિંગ હાઉસ, એડવર્ટાઈઝિંગ કંપનીઓ અને માર્કેટિંગ ફર્મ્સ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે ફ્રીલાન્સ કરવાનું પસંદ કરી શકો છો અને એક જ સમયે બહુવિધ કામ હાથ પર લઈ શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે તમારે દિવસમાં વધુ કલાકો કામ કરવું પડે છે. મુસાફરી અને ટીમનું સંચાલન એ તમારી જવાબદારીનો ભાગ નથી. તમારે ચુસ્ત સમયમર્યાદા હેઠળ કામ કરવું પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રૂફરીડર → સબ-એડિટર → સિનિયર સબ-એડિટર → ચીફ સબ-એડિટર → ડેપ્યુટી ચીફ સબ-એડિટર → આસિસ્ટન્ટ એડિટર → એસોસિયેટ એડિટર → એડિટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પ્રૂફરીડર, કન્ટેન્ટ એડિટર, કોપીરાઈટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટસ/માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. કેરળ યુનિવર્સિટી, તિરુવનંતપુરમ
૫. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૬. સાવિત્રીબાઈફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. વી.એન.એસ.જી.યુ., સુરત
૮. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૨. ઈન્સ્ટિટ્યુટ ઑફ ક્રિએટિવ એક્સેલન્સ, મુંબઈ
૩. આઈ.આઈ.એમ.એસ., અમદાવાદ
૪. ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. રામનારાયણ રુઈયા કોલેજ, મુંબઈ
૭. આઈ.ટી.એમ. (એસ.એલ.એસ.) બરોડા યુનિવર્સિટી, વડોદરા
૮. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

## સાફલ્ય ગાથા

**પ્રવીણા** કે શૈક્ષણિક ક્ષેત્રના એક અનુભવી પ્રૂફરીડર છે. યુનિવર્સિટી ઓફ લિસેસ્ટર (યુ.કે.)માંથી મેડિકલ ડિગ્રી (M.B.Ch.B.) સાથે સ્નાતક થયા પછી, તેમણે મલેશિયામાં મલાયા યુનિવર્સિટીમાં સંશોધન સહાયક તરીકે તબીબી સંશોધન ક્ષેત્રમાં કામ કરતા પહેલા, વિવિધ હોસ્પિટલોમાં કામ કર્યું. તેણીના અનુભવમાં એક ટેક પોડકાસ્ટ વર્ડપ્રેસ સાઈટ માટે પોડકાસ્ટના સારાંશ લખવા, સાઈટ્સ માટે લેખો લખવા, સંશોધન અભ્યાસક્રમ સામગ્રીનું સંપાદન, ડેટા એન્ટ્રી માટે વ્યાપક વેબ સંશોધન વગેરે કામગીરીનો સમાવેશ થાય છે.*

સ્રોત : https://proofreadingmalaysia.com/proofreaders/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.